| રજુ તારીખ | :: | ૨૧–૦૪–૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | :: | ૨૧–૦૪–૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | :: | ૩૦–૦૫–૨૦૨૬ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૧ | ૦૯ |

**મહે. ગણદેવીના એડી.ચીફ.જયુ.મેજી. સાહેબની કોર્ટમાં,મુ.ગણદેવી**

**ફો.કેસ નં. ૨૧૫૬/૨૦૨૬**
**આંક–૧૧**

ધી સ્ટેટ ::::: ફરીયાદી

**<u>વિરુઘ્ધ</u>**

નિતાબેન વિડો/ઓ સુરેશભાઈ ભાણાભાઈ કો.પટેલ
ઉ.વ. ૪૫, ધંધો– ઘરકામ
રહે. મોહનપુર ગોકુળ ફળિયા, તા.ગણદેવી, જી.નવસારી. ::::: આરોપી

ગુનો : <u>પ્રોહિ.એકટ કલમ ૬૫ (એએ) મુજબ</u>

ફરીયાદી તરફે વિ.એ.પી.પી. શ્રી કે.આર.પટેલ
આરોપી તરફે વિ.વ. શ્રી પી.ડી.પટેલ

**<u>// ચુ કા દો //</u>**

**(૧)** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૩/૦૩/૨૦૨૬ નાં રોજ કલાક– ૧૫:૪૦ વાગ્યે મોજે મોહનપુર ગોકુળ ફળિયા ખાતે આરોપીના ઘરના પાછળના ભાગે એક પ્લાસ્ટીકની કેનમાં દેશીદારૂ ૦૨ લીટર દેશીદારૂ કિં.રૂા.૪૦૦/–નો મુદ્દામાલ રાખી ગુનો કરેલ હોય તે મુજબની ફરીયાદીની ફરીયાદ અન્વયે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદન લઈ આરોપી વિરુઘ્ધ પુરતા પુરાવા જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા બી.એન.એસ.એસ.કલમ ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલ આપ્યાની ખાતરી કરી આરોપી વિરુઘ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી આંક–૦૪ થી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે જેમાં તેઓએ ગુનાની હકીકતોનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષે પુરાવો રજુ કરવા સમન્સ કરવામાં આવેલ છે.

**(૩)** ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચ સાહેદ ભીમાભાઈ છનાભાઈ હળપતિની જુબાની |
| ૨. | ૦૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૦૮ | પંચ સાહેદ શંકરભાઈ ભીખુભાઈ હળપતિની જુબાની |
| ૪. | ૦૯ | ત.ક.અમલદાર ભાવેશભાઈ દિનેશભાઈ રાઠોડની જુબાની |
| ૫. | ૧૦ | ફરીયાદ |

**(૪)..** હાલના કામે રેકર્ડ ઉપર આરોપી વિરુધ્ધ ઉપર મુજબનો પુરાવો લીધા બાદ વિ.એ.પી.પી.શ્રી. તરફથી ફરીયાદપક્ષના પુરાવા બંધની મૌખિક જાહેરાત કરતા આ કામના આરોપી વિરૂધ્ધ વિશેષ નિવેદન લેવા પુરતો પુરાવો રેકર્ડ પર જણાતો હોય આરોપીનું બી.એન.એસ.એસ.કલમ–૩૫૧ અન્વયે વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. ત્યાર બાદ આ કામ દલીલ પર રાખી ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી. ની તથા આરોપી તરફે વિ. વ. શ્રીની વિગતવારની દલીલ સાંભળવામાં આવી.

**(૫)** સદર મારાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

**૧/–** શું ફરિયાદપક્ષ સાબીત કરે છે કે, આરોપીએ તા.૧૩/૦૩/૨૦૨૬ નાં રોજ કલાક– ૧૫:૪૦ વાગ્યે મોજે મોહનપુર ગોકુળ ફળિયા ખાતે આરોપીના ઘરના પાછળના ભાગે એક પ્લાસ્ટીકની કેનમાં દેશીદારૂ ૦૨ લીટર દેશીદારૂ કિં.રૂ.૪૦૦/–નો મુદ્દામાલ રાખી પ્રોહીબીશન એકટ કલમ ૬૫ (એએ)મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨/–** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનાં મારાં તારણો નીચે મુજબ છે.

**૧/–** નકારમાં.

**૨/–** આખરી હુકમ મુજબ.

**// કારણો //**

**(૭) મુદ્દા નં. (૧) અને (૨)** :–

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

ફરીયાદપક્ષે રજુ પુરાવાઓનુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફથી આ કામે આંક–૦૬ તથા આંક–૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી. તરફથી ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી સદર પંચ સાહેદની વિ.એપીપીશ્રી તરફથી વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતા સદર

પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકિકતને કે આંક–૭ થી રજુ ગુનાવાળી જગ્યાનાં પંચનામાને સમર્થન આપેલ નથી. જે સંજોગોમા ફરીયાદ પક્ષ પંચસાહેદોની જુબાનીથી રીકવરી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

ફરીયાદપક્ષે આંક–૦૯ થી તપાસવામાં આવેલ ત.ક.અમલદાર તરફથી ફરીયાદપક્ષના કેસની હકિકત મુજબનો પુરાવો રજુ કરેલ છે. સદર ફરીયાદી પોલીસ સાહેદ હોય તેમનો પુરાવો માની શકાય નહી તેવી આરોપીના વિ.વ.શ્રી. તરફથી દલીલ કરવામાં આવેલ છે. પરંતુ સાહેદો પોલીસ સાહેદ હોવા માત્રથી તેમનો પુરાવો ન માનવો જોઈએ તેવો કોઈ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત નથી. જો પોલીસ સાહેદોનો પુરાવો સચોટ અને વિશ્વશનીય હોય તો તેના ઉપર આધાર રાખી શકાય તેવુ નામદાર વડી અદાલતો તરફથી અનેક ચુકાદાઓમા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જે પ્રસ્થાપિત સિધ્ધાંત સાથે પ્રવર્તમાન કેસની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફથી આંક–૦૯ થી તપાસવામાં આવેલ ત.ક.અમલદાર તરફથી ફરીયાદપક્ષના કેસની હકિકત મુજબ પુરાવો રજુ કરેલ છે અને આ કામના આરોપીના કબજામાંથી વગર પાસ પરમીટે ૦૨ લીટર દેશી દારૂ પંચો રૂબરૂ કબજે કરેલ હોવાની હકિકત જણાવવામાં આવેલ છે જયારે સદર સાહેદના પુરાવાને પંચો તરફથી લેશમાત્ર સમર્થન આપવામાં આવેલ નથી. ફરીયાદપક્ષ તરફથી તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આમ, આ કામે ફરીયાદી પોલીસ સાહેદ હોય તેઓ સદર કામે રસ ધરાવનાર સાહેદ ગણાય અને આવા સંજોગોમાં જયારે સ્વતંત્ર એવા પંચ સાહેદો ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થયેલ હોય અને ત.ક.અ.ની તેમની આરોપીના વિ.વ.શ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં બનાવવાળુ સ્થળ વસ્તી વાળુ હોવાનુ કબુલ કરવામાં આવેલ હોય ત્યારે તપાસ કરનાર અમલદાર આવા બનાવવાળા સ્થળેથી સરળતાથી સ્વતંત્ર સાહેદ મેળવી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અમલદાર તરફથી આવા કોઈ સ્વતંત્ર સાહેદોના તપાસના કામે કોઈ નિવેદનો લેવામાં આવેલ નથી. વધુમાં આ કામે કબજે કરવામાં આવેલ પ્રવાહી દેશી દારૂ હોવા બાબતનો વૈજ્ઞાનિક પૃથકકરણનો રીપોર્ટ રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તે સંજોગોમાં આ કામે કબજે કરવામાં આવેલ પ્રવાહી દેશીદારૂ હોવાની હકિકત પૃથકકરણ રીપોર્ટની ગેરહાજરીમાં શંકા ઉપજાવે છે. આરોપીના કબજાના ઘર/મિલકતમાંથી મુદ્દામાલ મળેલાનું પોલીસ સાહેદ/ ચાર્જશીટમાં જણાવેલ છે પરંતુ મિલકતના કબજાને લગત કોઈ સેલ ડીડ/ ભાડા કરાર કે અન્ય પુરાવા પોલીસે ચાર્જશીટ સાથે કે ફરીયાદપક્ષના પુરાવાના કામે રજૂ કરેલ નથી. આમ આ કામે સ્વતંત્ર એવા પંચ સાહેદો તરફથી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તથા આ કામે અન્ય કોઈ બનાવવાળી જગ્યાના સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તે સંજોગોમાં આ કામે રજુ પોલીસ સાહેદ કે જે રસ ધરાવનાર સાહેદ હોય તેમનો પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો સચોટ અને વિશ્વશનીય જણાતો નથી.

(૮) વધુમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની

તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નીઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. વધુમાં કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહી. જેથી ફરીયાદ પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે.

આમ, ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકીસાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ આ કામના આરોપી વિરુધ્ધનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તે સંજોગોમાં આ કામના આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ તેવુ અદાલતનુ માનવુ હોય તે સંજોગોમા મુદદા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી મુદદા નં.૨ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**—:: હુ ક મ ::—**

1. આ કામનાં આરોપીને ધી મુંબઈ (ગુજરાત) પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારા એકટ ૨૦૧૭ ની કલમ—૬૫(એએ) મુજબનાં ગુનાં માટે બી.એન.એસ.એસ.કલમ—૨૭૧ અનુસાર શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. અપીલ સમય બાદ પ્રોહી મુદ્દામાલ નિયમોનુસાર નાશ કરવો.
3. આ કામે આરોપીએ અપીલ સમય દરમ્યાન હાજર રહેવાના રૂા.૫૦૦૦/—નાં જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ગણદેવી
તા. ૩૦/૦૫/૨૦૨૬.

**(જીગર નારાયણકુમાર મહેતા )**
એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ગણદેવી. – જીજે ૦૧૪૯૮.